Read in English

## ॥ વચનામૃત ॥

## અમદાવાદ ૨ : નાહી-ધોઈ પૂજા કર્યાનું

સંવત ૧૮૮૨ના ફાગણ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિર આગળ વેદિને વિષે પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને મસ્તકને વિષે ગુલાબી રંગનો ફેંટો બાંધ્યો હતો ને તે પાઘને વિષે ગુલાબનાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને કાનને ઉપર ગુલાબના બે ગુચ્છ ખોસ્યા હતા ને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર પહેર્યા હતા ને બે ભુજને વિષે ગુલાબના બાજુબંધ બાંધ્યા હતા ને બે હાથને વિષે ગુલાબનાં પુષ્પના ગજરા પહેર્યા હતા. એવી રીતે સર્વે અંગમાં ગુલાબનાં પુષ્પે ગરકાવ થયા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વે પરમહંસ પ્રત્યે બોલ્યા જે, “એક પ્રશ્ન પૂછું છું જે, એક પરમેશ્વરનો ભક્ત છે તે તો જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ તે થકી પર વર્તે છે ને મલિન રજ, તમ ને મલિન સત્ત્વ તેનો ત્યાગ કરીને શુદ્ધ સત્ત્વમય વર્તે છે ને એવો થકો પરમેશ્વરને ભજે છે. અને બીજો જે ભક્ત છે તે તો ત્રિગુણાત્મક વર્તે છે ને પરમેશ્વરને વિષે તો અતિશય પ્રીતિએ યુક્ત વર્તે છે. એ બે ભક્તમાં કયો ભક્ત શ્રેષ્ઠ છે?” પછી સંતમંડળે તો એમ કહ્યું જે, “ભગવાનને વિષે પ્રીતિવાળો શ્રેષ્ઠ છે.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “એક તો નાહી-ધોઈને પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે છે અને એક તો મળમૂત્રનો ભર્યો થકો ભગવાનની પૂજા કરે છે, એ બેમાં કયો શ્રેષ્ઠ છે?” ત્યારે મુનિમંડળે કહ્યું જે, “પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે તે શ્રેષ્ઠ છે.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે માયિક ઉપાધિને તજીને ભગવાનને ભજે છે તેને તો તમે ન્યૂન કહો છો ને જે માયિક ઉપાધિએ સહિત થકો પરમેશ્વરને વિષે પ્રીતિવાન છે તેને શ્રેષ્ઠ કહો છો; તે એ કેવી રીતે શ્રેષ્ઠ છે?" પછી એ પ્રશ્નનું કોઈથી સમાધાન ન થયું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ગીતામાં ચાર પ્રકારના ભક્ત કહ્યા છે, તેમાં જ્ઞાનીને જ ભગવાને પોતાનો આત્મા કહ્યો છે. માટે જે માયિક ઉપાધિને તજીને બ્રહ્મરૂપ થઈને ભગવાનને ભજે તે જ ભક્ત શ્રેષ્ઠ છે. શા માટે જે, નિત્ય પ્રલય જે સુષુપ્તિ ને નિમિત્ત પ્રલય જે બ્રહ્માની સુષુપ્તિ ને પ્રાકૃત પ્રલય જે પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય અને આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેમાં તો પ્રકૃતિ પર્યંત સર્વે બ્રહ્મના પ્રકાશને વિષે લીન થઈ જાય છે. અને નિત્ય પ્રલયમાં જીવની ઉપાધિ લીન થઈ જાય છે ને નિમિત્ત પ્રલયમાં ઈશ્વરની ઉપાધિ લીન થઈ જાય છે ને પ્રાકૃત પ્રલયમાં પુરુષની ઉપાધિ સર્વે લીન થઈ જાય છે, પણ જ્યારે સૃષ્ટિ સૃજાય છે ત્યારે એ ત્રણેને પોતપોતાની ઉપાધિ વળગે છે. અને **આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી. અને જો કોઈક કાળે દેહ ધરે તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો. માટે બ્રહ્મરૂપ થઈને જે પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે.** અને આ વાર્તા છે તે જે પરમેશ્વરનો અનન્ય ભક્ત છે અને એકાંતિક ભક્તના લક્ષણે યુક્ત છે તેને જ સમજાય છે."

॥ ઇતિ વચનામૃતમ્ ॥ ૨ ॥ ૨૨૨ ॥

## AMDAVAD-2 : Performing Puja after Washing and Bathing

On Fāgun sudi 11, Samvat 1882 [20 March 1826], Swāmi Shri Sahajānandji Mahārāj was sitting on a cushion with a cylindrical pillow that had been placed on a wooden cot on a square platform in front of the mandir of Shri Narnārāyan in Amdāvād. He was wearing a white khes and had covered Himself with a white cotton cloth. He had also tied a pink feto with dangling tassels of roses around His head. Two bunches of roses had been inserted above His ears, and garlands of roses adorned His neck as well. In addition to this, strings of roses had been tied around His arms as well as His wrists. In this manner, His entire body had been decorated with roses. At that time, an assembly of munis as well as devotees from various places had gathered before Him.

Then, addressing all of the paramhansas, Shriji Mahārāj said, "I would like to ask you a question. Suppose there is a devotee of God who behaves above the influence of wakefulness, dream and deep sleep. He has shed the influence of polluted rajogun, tamogun and sattvagun, and acts within pure sattvagun. That is how he worships God. Another devotee behaves under the influence of the three gunas, but nevertheless, he does have intense love for God. Of these two devotees, who is better?"

Thereupon the sādhus replied, "The one with love for God is better."

Shriji Mahārāj then questioned, "Now consider the following: One person performs puja of God after washing, bathing and becoming pure; and another performs puja in an impure state. Of these two, who is better?"

The munis replied, "The person who performs puja after becoming pure is better."

Hearing this, Shriji Mahārāj said, "You claim that one who worships God after overcoming māyik influences is inferior and that one who expresses love for God with māyik influences is superior. But how is he superior?"

Since no one could answer the question, Shriji Mahārāj said, “Of the four types of devotees described in the Gitā, Shri Krishna Bhagwān has called only the one possessing gnān his own ātmā. Therefore, one who, having discarded māyik influences, becomes brahmarup and then worships God is the best devotee.

“Why? Because nitya-pralay is the jiva’s deep sleep. Nimitta-pralay is Brahmā’s deep sleep. Prākrut-pralay is that in which all of the entities that had evolved from Prakruti are assimilated back into Prakruti. In ātyantik-pralay, which is gnān-pralay, everything up to and including Prakruti is eclipsed by the light of Brahma. Furthermore, in nitya-pralay, all of the jiva’s adjuncts are absorbed; in nimitta-pralay all of ishwar’s adjuncts are absorbed; and in prākrut-pralay all of Purush’s adjuncts are absorbed. However, when the creation process is initiated, all three are again engulfed by their respective adjuncts.

“But a person who has overcome māyik influences by way of ātyantik-pralay, also called gnān-pralay, is never engulfed by those adjuncts again. If at any time he does assume a physical body, then just like God assumes a body by His own will, he also assumes a body by his own will; he does not assume a body due to kāl, karma or māyā.

“Therefore, the one who worships God after becoming brahmarup is definitely superior. Only one who is a faithful devotee of God and possesses the characteristics of an ekāntik bhakta can understand this fact.”

Vachanamrut ll 2 ll 222 ll